મહત્તમ : ૨૪.૨ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૪ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં તસ્કરો બેફામ બન્યા

ઘરફોડ ચોરીઓ પર નિયંત્રણ લાવવા ગાંધીનગર પોલીસ નિષ્ફળ : છાલા ગામમાં વધુ એક ઘરફોડ ચોરી થઈ : પોતાના વિસ્તારમાં સબ સલામત હોવાનુ ચિત્ર રજુ કરવા ચિલોડા અને ડભોડા પોલીસ તો મોટા ભાગનાં ગુના દાખલ કરવાનું ટાળે છે.!!

ગાંધીનગર, તા.૨૯

સબ સલામતની ગુલબાંગો વચ્ચે રાજયના પાટનગર ગાંધીનગરમાં જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાનું લાગી રહ્યું છે. ચોરી, લૂંટફાટ અને મારઝૂડ જેવા ગુનાઓ તો ઠીક પરંતુ હત્યા જેવા ગંભીર ગુનાઓ પણ વધી ગયા છે. એક તરફ ગાંધીનગરમાં ગુનેગારો બેફામ બન્યા છે તો બીજી તરફ પોલીસ આ ગુનેગારોને પકડી શકતી ન હોવાથી આ ગુનેગારોને વધુ છૂટો દોર મળ્યો છે. રાત્રે દરમિયાન થતી ઘરફોડ ચોરીઓ તો વધી જ છે પરંતુ હવે તો દિવસે પણ ઘરફોડ ચોરી સાવ સામાન્ય બની ગઈ છે. ડભોડા અને ચિલોડા પોલીસ સ્ટેશનમાં તો આ પ્રકારના ગુના પણ દાખલ કરવાના બંધ કરી દેવામાં આવે છે. જેથી કરીને પોતાના વિસ્તારમાં સબ સલામત હોવાનું ચિત્ર રજૂ કરી શકાય. બેરોકટોક થઈ રહેલી ઘરફોડ ચોરીઓ વચ્ચે ગઈ કાલે વધુ એક ઘરફોડ ચોરી છાલા ગામમાં થઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા છાલા ગામમાં દરગાહ પાસે આવેલા એક મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો. ગાંધીનગર પુરવઠા નિગમમાંથી નિવૃત્ત થયેલા મેહમુદ મિયા કુરેશી ગઈકાલે સાંજે ચારેક વાગ્યે છાલા ગામમાં દરગાહ પાસે આવેલા પોતાના ઘરને તાળું મારીને પોતાના ગાંધીનગર સ્થિત મકાને ગયા હતા. આજે સવારે પડોશીનો તેમના ઉપર ફોન આવ્યો હતો કે તેમના છાલાના મકાનનું તાળું તુટેલું છે. છાલા પહોંચીને તેમને તપાસ કરી તો ખબર પડી કે રાત્રિના સમયગાળા દરમિયાન તેમના આ બંધ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો. મકાનના કબાટ અને તિજોરીને તસ્કરોએ અંદરથી સોના-ચાંદીના દાગીના ચોરી લીધા હતા. રૂ.૧.૬૦ લાખની કિંમતના દાગીનાની ચોરી કરીને તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે મકાનમાલિકે ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

'યે દૌલત ભી લે લો... યે શૌહરત ભી લે લો... મગર મુજકો લૌટા દો બચપન કા સાવન... વો કાગજ કી કશ્તિ, વો બારીશ કા પાની...!!' આ મશહુર ગીતની પંકિતઓ બાળપણના સોનરી દિવસોની યાદ તાજી કરાવે છે. જો કે આજના ડિઝીટલ યુગમાં બાળપણ ઘણું બદલાઈ ચુકયું છે. હવે પોતાના ગોઠિયાઓ સાથે મળીને મેદાનમાં લખોટી, દોડપકડ, ખો-ખો, કબડ્ડી, આંધળી ચાકણ કે થપ્પો રમતા બાળકો જવલ્લે જ જોવા મળે છે. અત્યારે તો પોત પોતાના ઘરમાં બેસીને 'ઓનલાઈન' પબ્જી રમતાં અને સબ્જી ખાતા કતરાતાં બાળકો જોવા મળે છે. આ સમયમાં લખોટી રમતા નિર્દોષ બાળકોને જોઈ કયો ફોટોગ્રાફર કેમેરાની કિલક કર્યા વગર રહી શકવાનો હતો...!!

ગંદકીમાં પ્લાસ્ટિક ચરતી ગાયો ઘણું ઉઘાડું પાડે છે

દેશભરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મજયંતિના ૧૫૦મા વર્ષની ઉજવણી થઈ રહી છે જે અંતર્ગત વડાપ્રધાન દ્વારા સ્વચ્છતા અભિયાનને ખૂબ મહત્વ આપવામાં આવી રહ્યું છે. પરંતુ સ્માર્ટ સીટી જાહેર થયેલા ગાંધીનગરમાં કદાચ આ વાતને જોઈએ તેટલું મહત્વ તંત્ર દ્વારા આપવામાં આવતું નથી. આ વાતની પ્રતિતિ આ તસવીર પરથી થાય છે જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા જયાં બેસે છે તે બહુમાળી ભવનની પાછળના ભાગે જ ફેલાયેલી ગંદકી, ગંદા પાણીનો ભરાવો અને તેમાં પણ કોઈ જુથ ભોજનમાં વપરાયેલા ફુડ પેકેટસના કચરાને ફેંકી દેવાયો હોઈ તેની પ્લાસ્ટિક કોથળીમાંથી ખોરાક ખાવા મથતી ગાયમાતાઓ જોઈને થાય છે. આ તસવીર ગૌ રક્ષાની વાતો કરનારાઓના ગાલે પણ લપડાક સમાન છે કે તેઓ ગાયને પ્લાસ્ટિક ખાતી અટકાવવા પગલાં લેવાને બદલે ખોખલી વાતો જ કરે છે. તેમજ વાઈબ્રન્ટ સમિટ સમયે રખડતાં ઢોરને કાબુમાં લઈ શકતા તંત્રની બાકીના દિવસોમાં કેવી ખોરી દાનત છે તે પણ ઉઘાડી પાડે છે. આ દંશ્ય જોઈ સાચા ગૌ પ્રેમી અથવા સાચા ગાંધીવાદીનું હૃદય દ્રવી ના ઉઠે તો જ નવાઈ...!!!

પાટનગરમાં પીધેલા પકડાય છે તો દારૂ આવે છે ક્યાંથી?!

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં એક તરફ કડક દારૂબંધીની વાતો થઈ રહી છે ત્યારે બીજી તરફ દારૂ ઢીંચીને છાકટા બનીને ફરતા તત્વો પોલીસને કેવી રીતે મળી જાય છે તે પણ એક મોટો સવાલ છે. દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો તેની ઊંડી તપાસ થવા છતાં કાગળ ઉપર જોવા મળતી નથી, તે પણ એક કડવી વાસ્તવિકતા છે. ગાંધીનગરમાં દારૂના સ્ટેન્ડ બંધ થયા પણ છુટક દારૂનો વેપલો હજુ પણ જોરશોરથી ચાલી રહ્યો છે. શહેરમાં ઠેર ઠેર ખાલી પડેલી જોવા મળતી દારૂની બોટલો જ તેનો પુરાવો છે. ગાંધીનગર સીવીલ હોસ્પિટલથી પોલીસને ત્રણ પીધેલા મળી આવ્યા હતા તો બીજી તરફ પેથાપુર ચરેડી રોડ ઉપર ગાડીમાં દારૂની મહેફિલ માણતા ત્રણ શખ્સો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પીધેલાના તમામ કેસોમાં આ પકડાયેલા તત્વો દારૂ ક્યાંથી લાગે છે તેની પણ તપાસ કરાય અને આ તપાસ કાગળ ઉપર પણ આવે તો કદાચ ખરેખર ગાંધીનગરમાં દારૂ મળતો બંધ થઈ જાય..!

પ્રાપ્ત વિગત અનુસાર પેથાપુર પોલીસ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પેથાપુર ચરેડી રોડ ઉપર આવેલા પેટ્રોલ પંપ પાસે ડાર્ક ફિલ્મ લગાડેલી પડેલી એક એસેન્ટ ગાડી શંકાસ્પદ જણાઈ આવી હતી. પેથાપુર પોલીસે આ ગાડીમાં તપાસ કરતા અંદર ત્રણ શખ્સો બેઠા બેઠા દારૂની મહેફિલ માણી રહ્યા હતા. પેથાપુરની વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા વિજય ભુપતસિંહ વાઘેલા, આકાશ જગદીશ પટેલ તથા બળિયાદેવના નાળીયામાં રહેતા રામસિંહ બાબુસિંહ ઝાલા મળીને ત્રણ શખ્સોને દારૂની મહેફિલ માણતા પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તો બીજી તરફ સેકટર-૭ પોલીસ દિવસે પેટ્રોલિંગમાં હતી ત્યારે સિવિલ હોસ્પિટલના ગેટ પાસેથી બે બાઈક ઉપર નીકળેલા ત્રણ શખ્સોને પકડી પાડયા હતા જેમણે ચિક્કાર દારૂ પીધો હતો. સેકટર-૭ પોલીસે ઈન્દ્રોડા ગામના રાકેશ વિઠ્ઠલ રોય, મહેશ પ્રહલાદજી મકવાણા અને સેકટર-૧૩ માં રહેતા ચિરાગ કનૈયાલાલ શ્રીમાળી મળીને ત્રણેય શખ્સો સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે જિલ્લા કક્ષાની યુથ પાર્લામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

સરકારી વિજ્ઞાન કોલેજના પ્રો. પ્રહલાદ ચુનીલાલ વૈધ્ય ઓડીટોરીયમ ખાતે ગાંધીનગર જિલ્લા કક્ષાની યુથ પાર્લામેન્ટ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ઉદઘાટક અને મુખ્ય અતિથિ પદે માનનીય રાજયકક્ષાના મંત્રી રમણલાલ પાટકર ઉપસ્થિત રહ્યા હતા તેમજ મુખ્ય પાંચ મહાનુભાવોની નિર્ણાયક કમિટીમાં પણ હાજરી આપી હતી. આ કમિટીમાં નિવૃત્ત વિંગ કમાન્ડર ધર્મેન્દ્ર શર્મા, અરુણભાઈ બુચ, ભૂપેન્દ્રભાઈ વસાવડા અને ડૉ. ડી.એસ. ગાંધીએ નિર્ણાયક તરીકે કામગીરી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, નહેરુ યુવા કેન્દ્રના ડાયરકેટર અનિલકુમાર, રાજય એન.એસ.એસ. અધિકારી દર્શનાબેન જોશી, આઈઆઈટીઈના ડીન પ્રો. બી.એસ. પટેલ, નોડલ કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયા તેમજ ગાંધીનગર જિલ્લાના નોડલ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં અર્થતંત્રની સ્થિતિ, આતંકવાદ, ખેલો ઈન્ડિયા, જળવાયુ પરિવર્તન અને કલાઈમેન્ટ ચેન્જ જેવા વિષય પર કુલ ૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના વિચારો રજુ કર્યા હતા. જે પૈકી રોય અરુણદિતાએ પ્રથમ સ્થાન, રાજકુમાર મહાવીરસિંહએ દ્વિતીય સ્થાન, પ્રિયદર્શી ઉન્નતિએ તૃતીય સ્થાન, ભટ્ટ શુભાંગીએ ચતુર્થ સ્થાન તથા ચોવા દિનેશે પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પૈકી પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકો ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં યોજાનાર રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે નોડલ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા દ્વારા સર્વે સહભાગિતા અને સમગ્ર અતિથિઓનો આભાર માન્યો હતો અને વિજેતાઓને રાજય કક્ષા માટે અભિવાદન પાઠવ્યા હતા.

સરસ્વતી વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૯

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સંચાલિત સરસ્વતી વિદ્યામંદિરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના ટ્રસ્ટી, અતિથિ, આચાર્ય તેમજ શહેરીજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું અને બીજેપીના પ્રદેશ કારોબારી સભ્ય ધવલભાઈ દવે દ્વારા દિપ પ્રાગટય કર્યા બાદ ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના નાના ભૂલકાઓ દ્વારા દેશભકિત ગીત રજુ કરવામાં આવ્યું હતું.

આજે સરકારી વિજ્ઞાન કોલેજમાં મેગા પ્લેસમેન્ટ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજયભરમાં બેરોજગાર યુવાનો માટે ખાનગી કંપનીઓમાં મેગા પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેને અનુલક્ષી ગાંધીનગરના સેકટર-૧૫ સ્થિત સરકારી આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજ કેમ્પસમાં આજે મેગા પ્લેસમેન્ટ યોજાશે.

ગુજરાત સરકાર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષથી ઉમદા અને નોબલ પ્રકલ્પ શિક્ષણ વિભાગે હાથ ધર્યું છે. રાજયની કોલેજોના ડિગ્રી પહેલાના અભ્યાસકમોમાં છેલ્લા સેમમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમને ડિગ્રી પ્રમાણપત્રની સાથે નોકરીની તક પણ પૂરી પડે અને આજના ગુજરાતના મહેનતુ યુવાન કોઈ રોજગાર વિના ન રહે તેવા આશય સાથે ગાંધીનગરની સરકારી વિનયન કોલેજના કેમ્પસમાં મેગા પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન આજે ૩૦મી જાન્યુઆરીના રોજ કરાયું છે.

આ કાર્યક્રમને રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા અગ્ર સચિવ અંજુ શર્મા ખુલ્લો મુકશે. આ કેમ્પમાં આશરે ૧૨૫ જેટલી નોકરીદાતા કંપનીઓ ભાગ લનાર છે. આ માટે ઈન્ટરવ્યુમાં રોજગાર વાંચ્છુક યુવાનોની ઓનલાઈન નોંધણી થયેલ છે. જેની સામે આશરે ૧૭૦૦ જેટલી જગ્યાઓ માટે કંપનીઓએ તેમની સંમતી દર્શાવેલ છે. આ કેમ્પનો લાભ વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં લઈ શકે તે હેતુથી ઓફલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા રાખવામાં આવી છે. કેમ્પમાં નોકરી દાતા કંપની દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે તેમજ બાદમાં તેમની પસંદગી કરી તે વિદ્યાર્થીઓને નિમણૂંક પત્ર આપવામાં આવશે.

ગાંધીનગરમાં ખોફ ફેલાવી દેનાર સીરીયલ કિલર શાતિર કે પોલીસ નબળી.?

માથાના ભાગે ફાયરિંગ કરીને ત્રણ-ત્રણ હત્યા કરી દેનાર કિલરને શોધવા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પણ હજુ દિશાવિહીન : સાઈકલ ઉપર કિલર આવ્યો હોવાની શંકા આધારે તપાસ ચાલુ: શેરથાના સીસીટીવી કેમેરામાં કેદ થયેલો એક સાયકલ ચાલક શંકાના દાયરામાં

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર પાસેના ગ્રામ્ય વિસ્તાર દંતાલી, કોબા અને શેરથા ગામમાં થયેલી હત્યાની મોડસ ઓપરેન્ડીનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે પોલીસને ખબર પડી કે ગાંધીનગરમાં તો સીરીયલ કિલર સક્રિય થઈ ગયો છે અને માથાના પાછળના ભાગે ફાયરિંગ કરીને હત્યા કરી નાખે છે. ત્રણ ત્રણ હત્યા કરીને ગાંધીનગરમાં ખોફ ફેલાવી દેનાર આ સિરિયલ કિલર ને પકડવા માટે ગાંધીનગર પોલીસે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ તૈયાર કરી દીધી છે. પરંતુ હજુ પોલીસ હવામાન હવાતિયાં મારી રહી છે અને આ કિલર કોણ હોઈ શકે તે માટેના માત્ર ને માત્ર તર્ક કરી રહી છે. આ પરિસ્થિતિમાં એક મોટો સવાલ એ થાય છે કે આ સિરિયલ કિલર શાતિર છે કે આપણી ગાંધીનગર પોલીસ આ કિલરને પકડવા માટે નબળી પુરવાર થઈ રહી છે? પોલીસે શેરથાની અવરજવર

ઉપર નજર નાખી ત્યારે ત્યાંથી પસાર થયેલા વાહનો પૈકી એક સાઈકલ ચાલક તેમને શંકાસ્પદ લાગી રહ્યો છે. આ શકમંદ સાયકલ ચાલકના ફૂટેજ લઈને પોલીસ સિરીયલ કિલર સુધી પહોંચવા મથી રહી છે.

ગાંધીનગર નજીકના દંતાલી ગામમાં એક આધેડની થયેલી હત્યાને ચાર મહિના થઈ ગયા..! આ આધેડ ને ટાર્ગેટ કરીને માથાના પાછળના ભાગે ફાયરિંગ કરી હત્યારો તેને લૂંટી ને ભાગી ગયો હતો. એકાદ મહિના પહેલાં આ જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી કોબા પાસે એક વેપારીની હત્યા થઈ હતી. ત્યારે પોલીસ વિચાર કરી રહી હતી કે કદાચ દંતાલીમાં થયેલી હત્યાનો આરોપી જ આ હત્યામાં સૂત્રધાર હોય..! હજુ પોલીસ મોબાઈલ લોકેશન સહિતની ટેકનિકલ સર્વેલન્સ કામગીરી પૂર્ણ કરે ત્યાં આ જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી વધુ એક હત્યા થઈ, જે બે દિવસ પહેલા જ શેરથા પાસે થઈ હતી. હવે પોલીસે આ બાબતને ગંભીરતાથી લઈને વાત સ્વિકારી કે ખરેખર ગાંધીનગરમાં સીરીયલ કિલર સક્રિય થઈ ગયો છે. ગાંધીનગર પોલીસ અધિક્ષકે આ ઘટનાની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ તૈયાર કરી અને સક્રિય થયેલા સિરિયલ કિલરને પકડવા વિવિધ ટીમોને દોડતી કરી દીધી છે. શેરથામાં થયેલી હત્યાના સમયે તેની આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરવા એક ટીમ દોડતી કરાઈ. ઘણા વાહનો ત્યાંથી પસાર થયા હોવાનું ફૂટેજમાં દેખાય છે પરંતુ હત્યાના સ્થળે કોઈ મોટા વાહનના ટાયર પ્રિન્ટ ન હોવાથી પોલીસ વધુ મુંઝાઈ છે. તો હવે સીસીટીવી કેમેરામાં કેદ થયેલો એક સાયકલ ચાલક શંકાના દાયરામાં આવી ગયો છે. સીરીયલ કિલર સાઈકલમાં ફરતો હોવાની શક્યતા પણ પોલીસ સેવી રહી છે. હજુ પણ તપાસ તદ્દન દિશાવિહીન છે તેની વચ્ચે આ એક સાયકલ ચાલક પોલીસ માટે એક આશાનું કિરણ બન્યું છે. હજુ પોલીસ તમામ તર્ક ઉપર જ ચાલી રહી છે પરંતુ સાયકલ ચાલક મળી આવે તો પોલીસની શંકાઓ દૂર થાય તેમ છે. હવે જોવું રહ્યું કે ગાંધીનગર પોલીસ આ સિરિયલ કિલરને પકડવામાં સફળ થાય છે કે શાતિર સીરીયલ કિલર પોલીસને નિષ્ફળ બનાવવામાં સફળ થાય છે..!

શહેરમાં વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

આધુનિક સમયમાં માણસની ટેવ કુટેવ બદલાતી જણાય છે ત્યારે સ્વસ્થતા બાબતે કાળજી લેવી તે વ્યકિતની મુખ્ય જવાબદારી કહી શકાય. આજ બાબતને ધ્યાનમાં લઈને શહેરની અપોલો મ્યુનિક ઈન્સ્યોરન્સ કંપની તથા આશ્કા હોસ્પિટલ દ્વારા સામાજીક સેવાના ભાગ રૂપે વિના મુલ્યે હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૨૬૬ જેટલા વ્યકિતઓની આંખ, દાંત, બ્લડપ્રેશર અને ડાયાબિટીસને લગતી તપાસ કરવામાં આવી હતી.

ગાંધીનગર સ્થિત એપોલો મ્યુનિક ઈન્સ્યુરન્સ કંપની તથા આશ્કા હોસ્પિટલ દ્વારા સામાજીક સેવાના ભાગરૂપે આજે ગુજરાત ગ્રામીણ બેંક સે-૭-ડી ખાતે બેંકના અધ્યક્ષ બલબીરસિંહ તથા જનરલ મેનેજર ગિરીશકુમાર બંસલના માર્ગદર્શન હેઠળ વિના મૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પની શરૂઆત ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ તથા નિવૃત્ત અધિકારી મંડળના કાર્યકારી મંત્રી સુમનભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૨૨૬ જેવા વ્યકિતઓના આંખ, દાત, બ્લડપ્રેશર અને ડાયાબિટીસને લગતી તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા ગુજરાત ગ્રામીણ બેંકના ડેપ્યુટી રિજીયોનલ મેનેજર ટીકેન્દ્રસિંહ ચૌહાણ તથા દેના ગુજરાત ગ્રામીણ બેંકના બ્રાંચ મેનેજર પ્રદીપ સોલંકી તથા સ્ટાફના કાર્યકરોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એમઆરઆઈની સુવિધા ઉભી કરાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં સીટી સ્કેન મશીનની સુવિધા ઉભી કરવામાં આવી છે. ત્યારે અત્યાર સુધીમાં અંદાજીત ૫૦૦ દર્દીઓના સીટીસ્કેન કરવામાં આવ્યા છે.ત્યારે તંત્ર દ્વારા હવે સિવિલમાં આવતા દર્દીઓ માટે એમઆરઆઈની સુવિધા મળી રહે તે માટે ખાનગી સંસ્થા સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. સિવિલમાં સારવાર માટે આવતા દર્દીઓને ખાનગી સંસ્થામાં રાહત દરે એમઆરઆઈ કરવામાં આવશે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સારવારમાં વધારો કરવામાં આવ્યો છે. સિવિલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તેમજ સિવિલમાં તાવથી માંડીને ડાયાલિસિસ સુધીની સારવાર થાય છે.ત્યારે સિવિલના તાત્કાલીક વિભાગમાં આવતા ગંભીર ઈજા પામેલા દર્દીઓનો એમઆરઆઈ કરાવવો પડે છે. પરંતુ સિવિલમાં સુવિધા ન હોવાથી અમદાવાદ કે ખાનગીમાં એમઆરઆઈ કરાવવો પડે છે. ત્યારે સિવિલમાં આવતા દર્દીઓને હવે ગાંધીનગરમાં એમઆરઆઈની સુવિધા મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર દ્વારા ખાનગી સંસ્થા સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. સિવિલમાં આવતા જરુરીયાત મંદ દર્દીને તંત્ર દ્વારા પાસ આપવામાં આવશે જે પાસના આધારે ખાનગી સંસ્થામાં જઈ દર્દી એમઆરઆઈ કરાવી શકશે. એમઆઈઆઈનો ભાવ અન્ય સંસ્થા કરતા સસ્તો દર હશે. જયારે ગરીબ દર્દીઓના એમઆરઆઈના રૂપીયા સિવિલ તંત્ર ચુકવણી કરશે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓને ટુંક સમયમાં એમઆરઆઈની સુવિધા મળી રહેશે. જયારે ખાનગીમાં એમઆરઆઈના હજજારો રૂપીયા દર્દીઓ પાસેથી સેરવી લેવામાં આવે છે.ત્યારે સિવિલમાં સીટીસ્કેન પછી એમઆરઆઈની સુવિધા ઉભી કરવામાં આવતા દર્દીઓ માટે રાહતના સમાચાર છે.

બ્રહ્મસમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે

બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૩-૨-૨૦૧૯ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ હોલ, સે-૧૭, ગાંધીનગર ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તથા સમાજના નવનિયુકત અને વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર ભાઈઓ બહેનોનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા દરેક જ્ઞાતિબંધુઓને આ દિવસે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. લાભુબેન કાન્તિભાઈ સોલંકી, ઉ.વ. ૫૫
- સ્વ. ગોવિંદભાઈ પુંજાભાઈ પુરબીયા, ઉ.વ. ૫૪
- સ્વ. બચુભાઈ રંગીલદાસ શેઠ, ઉ.વ. ૮૮